| | |
|---|---|
| | દાખલ તારીખ: ૧૯/૦૧/૨૦૨૪ |
| | રજીસ્ટર તારીખ : ૧૯/૦૧/૨૦૨૪ |
| | ફેસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ :૦૨, મહિના: ૦૧, દિવસ: ૧૬ |

सत्यमेव जयते

.......................................................................

***નર્મદાનાં મહે. સેકન્ડ એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ,***
***મુ–રાજપીપળા , જી.નર્મદા***

.......................................................................

***ફોજદારી કેસ નં. ૩૦૩/૨૦૨૪***

**આંક:–**

**ફરીયાદી: –** **શ્રી સ ર કા ર**

**:– વિરૂધ્ધ –:**

**આરોપી :–** (૧) રૂપસીંગભાઈ હાનાભાઈ વસાવા, ઉ.વ.આ. ૫૫
(૨) ભદ્દેશભાઈ રૂપસીંગભાઈ વસાવા, ઉ.વ. આ. ૨૩
(૩) મીનાબેન રૂપસીંગભાઈ વસાવા, ઉ.વ.આ. ૪૫
તમામ રહે. ભુછાડ, તા.નાંદોદ, જી.નર્મદા.

.......................................................................

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ.**

.......................................................................

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.જે.વકીલ., એસ.જી.રાવ.

આરોપી તરફે વિ.વ.શ્રી એન.એ.તડવી.

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

# // <u>ચુ કા દો</u> //

(૧)... *<u>ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,</u>*

તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ કલાક ૧૧/૩૦ વાગે મોજે ભુછાડ ગામે આરોપીઓ દિવાલ ચણવા માટે ખોદકામ કરી કરેલ ખોદકામમા સિમેન્ટનો માલ નાંખતા તે વખતે ફરીયાદીએ આરોપી નં. ૧ ને કહેલ કે તમે જે ખોદકામ કરેલ છે તે અમારી જગ્યામા છે તેવુ કહેતા આરોપી નં. ૧ ફરીયાદીને મા બેન સમાણી ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ જમીન ઉપર પડેલ પાવડો ફરીયાદીને મારવા જતા ફરીયાદી નીચે નમી જતા પાવડા સાથે જોડાયેલ લાકડાનો હાથો ફરીયાદીને જમણા કપાળથી ઉપરના માથાના ભાગે વાગી જતા ગંભીર ઈજા કરી તથા આરોપી નં. ૨, ૩ નાએ ફરીયાદીને ઢીકકાપાટુનો માર મારી તથા આરોપી નં. ૧ નાએ જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી, ગુનો કરતા રાજપીપલા પો.સ્ટે.માં ગુના રજી. નં. પાર્ટ એ ૧૧૮૨૩૦૧૭૨૩૧૭૧૨/૨૦૨૩ થી ભારતીય દંડ સાંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધાતા, તપાસ કરનાર અમલદારે પુરતી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ કરતા તેને ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૨)... સદર કામનો સમન્સ આરોપીઓને ધોરણસર બજેલ છે અને આરોપીઓ  કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને સી.આર.પી.સી ની કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે રજુ થયેલ પોલીસ તપાસનાં

કાગળોની નકલો આપ્યા બાદ આરોપીઓ સામે **આંક–૪** થી તહોમતનામુ ફરમાવી અનુક્રમે **આંક– ૫, ૬, ૭** થી પ્લી નોંધતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સબબ કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૩)...** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકકીતના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**::––મૌખિક પુરાવા––::**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | ૧૧ | ફરીયાદી પ્રજ્ઞેશભાઈ લાલસીંગભાઈ વસાવાની જુબાની |
| (૨) | ૧૩ | પંચસાહેદ રમેશભાઈ આટોલભાઈ વસાવાની જુબાની |
| (૩) | ૧૫ | પંચસાહેદ ભુપેન્દ્રભાઈ હિંમતભાઈ વસાવાની જુબાની |
| (૪) | ૧૯ | સાહેદ આશિષભાઈ લાલસીંગભાઈ વસાવાની જુબાની |
| (૫) | ૨૧ | સાહેદ પ્રેમલત્તાબેન લાલસીંગભાઈ વસાવાની જુબાની |
| (૬) | ૨૨ | સાહેદ લાલસીંગભાઈ હનાભાઈ વસાવાની |

| | | |
|---|---|---|
| | | જુબાની |
| (૭) | ૨૫ | ડો. કાજલ ડાહ્યાભાઈ ભુતની જુબાની |
| (૮) | ૨૯ | ત.ક.અમલદાર દિલીપભાઈ નટવરભાઈની જુબાની |

## ::––દસ્તાવેજી પુરાવા––::

| **અનું.નં.** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| ૧) | ૧૨ | ફરીયાદ |
| ૨) | ૧૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩) | ૨૬ | ઈજા પામનાર સાહેદનુ ઈજા અં ગેનુ સારવાર સર્ટીફીકેટ |
| ૪) | ૩૨,૩ ૩ | આરોપીઓના અટક પંચનામા |

(૪)... ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર કર્યા બાદ સદર કામ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ જે મુજબ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ બંને પક્ષે વિગતવારની દલીલો સાંભળવામાં આવી.

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

(૫)... ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.

- **ઈ.પી.કો. કલમ ૩૨૩ :– સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા :–**

આ કલમનાં તત્વો નીચે મુજબ છે.

(૧) આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા,

(૨) આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાનાં ઈરાદે અથવા વ્યથા થવાનો સં ભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતું.

- **ઈ.પી.કો. કલમ ૩૨૪ :– ભયાનક શસ્ત્રો કે સાધનો દ્વારા સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવી :–**

**આ કલમના તત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ ભોગ બનનારને શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવી,

(૨) આવી ઈજા આરોપીએ, ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણવા છતાં એટલે કે સ્વેચ્છાપૂર્વક પહોંચાડી,

(૩) આ ઈજા ગોળી છોડવાનાં અથવા ભોંકવાનાં અથવા કાપવાનાં સાધન વડે કરવામાં આવી હતી અથવા જે સાધનનો આક્રમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યૃ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવવેલા કોઈ પદાર્થ વડે કે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હતી અથવા કોઈ પદાર્થ શ્વાસમાં લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્ર ાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હતી.

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

■ **ઈ.પી.કો. કલમ ૫૦૪ :– સુલેહભંગ કરવા ઉશ્કેરવાનાં ઈરાદાથી અપમાન :–**

આ કલમનાં તત્વો નીચે મુજબ છે :–

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યું.

(૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

■ **ઈ.પી.કો. કલમ ૫૦૬ :– ગુનાહિત ધમકીની સજા :–**

આ કલમનાં તત્વો નીચે મુજબ છે :–

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યું.

(૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

■ **જી.પી. એક્ટની કલમ–૧૩૫ ના તત્ત્વો.**

(૧) બનાવના સ્થળ અને સમય અંગે બોમ્બે પોલીસ એક્ટની કલમ–૩૭ મુજબ કાયદેસર રીતે હથિયારબંધી અંગે હુકમ કરવામાં આવેલ અને તે હુકમ અસ્તિત્વમાં હતો.

(૨) હથિયારબંધી અંગેનો હુકમ જાહેરનામા માટે ઠરાવેલ પદ્ધતિથી, યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવામાં આવેલ.

(૩) આ કામના આરોપીએ સદરહું જાહેરનામાથી પ્રતિબંધિત જગ્યામાં હથિયાર ધારણ કરી તે હુકમનું પાલન કરેલ નથી, અથવા તેનુ પાલન ન કરવામાં કોઈને મદદ કરેલ છે.

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

(૬)... ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો, રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ,કાયદાકીય જોગવાઈઓ વિગેરે ઘ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થયા.

**::–મુદૃા–::**

*૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૩૦/૧૧ /ર૦ર૩ ના રોજ કલાક ૧૧/૩૦ વાગે મોજે ભુછાડ ગામે આરોપીઓ દિવાલ ચણવા માટે ખોદકામ કરી કરેલ ખોદકામમા સિમેન્ટનો માલ નાંખતા તે વખતે ફરીયાદીએ આરોપી નં. ૧ ને કહેલ કે તમે જે ખોદકામ કરેલ છે તે અમારી જગ્યામા છે તેવુ કહેતા આરોપી નં. ૧ ફરીયાદીને મા બેન સમાણી ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ જમીન ઉપર પડેલ પાવડો ફરીયાદીને મારવા જતા ફરીયાદી નીચે નમી જતા પાવડા સાથે જોડાયેલ લાકડાનો હાથો ફરીયાદીને જમણા કપાળથી ઉપરના માથાના ભાગે વાગી જતા ગંભીર ઈજા કરી તથા આરોપી નં. ર, ૩ નાએ ફરીયાદીને ઢીકકાપાટુ નો માર મારી તથા આરોપી નં. ૧ નાએ જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સાંહિતાની કલમ–૩ર૩, ૩ર૪, ૫૦૪, ૫૦૬(ર), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે ?*

*ર. શું હુકમ ?*

(૭)... ઉપરોકત મુદૃાઓના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

મુદ્દા નં.૧: **નકારમાં**

મુદ્દા નં.૨ : **આખરી હુકમ મુજબ**.

**::નિર્ણયના કારણો::**

**મુદ્દા નંબર ૧ અને ૨ અંગે:-**

(૮)... આ કામે બન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતો નું પુનરાવર્તન ન થાય તે હેતુથી બન્ને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવી છે.

(૯)... સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આં ક-૧૧ થી ફરીયાદી પ્રજ્ઞેશભાઈ લાલસીંગભાઈ વસાવાને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તા.૩૦.૧૧ .૨૦૨૩ ના રોજ સવારના ૧૧.૩૦ વાગે તેઓ તેમના પરિવારના સભ્યો સાથે ઘરે હાજર હતા તે વખતે તેઓ ઘરની બહાર આવેલ તો આરોપીઓ ખાડો ખોદીને માલ નાંખતા હતા જેથી તેમણે આરોપીઓને જણાવેલ કે મારી જગ્યામાં આવુ કરશો નહી તેવુ જણાવતા આરોપીઓ ગાળાગાળી કરી તેમને ધાક ધમકી આપતા હતા. ત્યારબાદ આરોપી રૂપસીંગભાઈ ઉશ્કેરાઈ જઈને તેમને પાવડો માથાના જમણી બાજુ મારેલ. તેમજ તમામ આરોપીઓએ તેમને ગડદાપાટુનો માર મારેલો. ત્યારબાદ તેમની માતા તથા તેમનો ભાઈ આવેલા અને તેમને મારમાં થી બચાવેલા. આરોપીઓ એવુ કહેતા હતા કે આજે તો તુ બચી ગયેલ છે ફરીથી મળીશ તો જાનથી મારી નાંખીશું. તેમને વાગેલુ હોય જેથી તેમના

ભાઈએ ૧૦૮ ને ફોન કરતા આવી જતા તેમાં બેસાડી તેમને રાજપીપળા સરકારી દવાખાને લાવેલા. ત્યાં ડો. સાહેબે તેમની સારવાર કરાવેલી અને છ ટાંકા લીધેલા. તેમને ત્રણ દિવસ દવાખાનામાં રાખેલો. તેઓ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. તેમને મુદ્દામાલ પાવડો લાકડાના હાથા સાથે જોડાયેલ છે તે બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે આ તે જ પાવડો છે જેના વડે આરોપીએ તેમને ઈજા પહોંચાડેલી. બનાવ બાબતે તેમણે રાજપીપળા સરકારી દવાખાનામા આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવતા તે ફરીયાદ આંક–૧૨ થી રજુ છે.

ત્યારબાદ સદર ફરીયાદીની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, પ્રથમ વખતે તેઓ ઘરમા હતા. તેમણે તેમની ફરીયાદમા ઘર નંબર લાવેલ નથી તેમજ પોલીસને આકારણીપત્રક કે ઘર વેરાની પાવતી પણ આપેલી નથી. તેમના ઘરની પૂર્વ દિશામા આરસીસી રોડ તથા કેબીન આવેલ છે. તેઓ ઈન્કાર કરે છે કે, આ કેબીન પંચાયતની માલિકીમા મુકેલ છે. તેઓ કબુલ કરે છે કે, તેઓ કેબીનનો કોઈ વેરો ભરતા નથી. સાહેદ જણાવે છે કે હાલમા દુકાન બંધ છે. નજીકમા સોમાભાઈનુ ઘર આવેલ છે. તેમનુ ઘર ખડકી ફળીયામા આવેલ છે. ફળીયામા ઘણા બધા મકાનો આવેલા છે. તેઓ ઈન્કાર કરે છે કે તેમના ઘરની આગળ રસ્તો આવેલ છે. સાહેદ જણાવે છે કે રસ્તો ઘણો આગળ છે. તેઓ કબુલ કરે છે કે આ રસ્તા પર લોકો અવરજવર કરે છે. બનાવ સમયે કોઈ માણસો ભેગા થયેલા નહી. તેઓ પ્રથમ દવાખાને ગયેલા. દવાખાને કેટલા વાગ્યે પહોંચેલા તેનો સમય તેમને ખબર નથી. પોલીસ દવાખાને આવેલી. પુછપરછ કરીને પોલીસ ે એફ.આઈ.આર. લખેલી. એફ.આઈ.આર. કરતા સમયે ડોકટર સાહેબ હતા.

તેમની હાજરીમા ડોકટરે કોઈ લખાણ કરેલુ નહી પણ તે સમયે સાહેબે એવુ કહેલુ કે આ બધુ કોર્ટમા જશે. દવાખાને ગયા બાદ તેમને પોલીસને મળવાનુ થયેલુ નથી. તેઓ ઈન્કાર કરે છે કે આરોપીઓ સાથે તેમને જમીન બાબતે તકરારો ચાલે છે. સાહેદ જણાવે છે કે તે અલગ જમીન છે. સાહેદ જણાવે છે કે તે બીજા આરોપીઓ સાથે તકરાર ચાલે છે. તેઓ કબુલ કરે છે કે તેમના પિતાએ ઘર અને ખેતી બાબતે સિવીલ દાવા કરેલા છે. તેઓ ઈન્કાર કરે છે કે પ્રજ્ઞેશભાઈએ મીનાબેનને બચકુ ભરેલુ તેની ફરીયાદ થયેલી તે બાબતે મામલતદાર સમક્ષ પ્રજ્ઞેશભાઈ અને આશિષભાઈના તથા તેમની માતાના જામીન લીધેલા. સાહેદ જણાવે છે કે તેમના ભાઈ આશિષ તથા તેમની માતાના જામીન લીધેલા. તેઓ ઈન્કાર કરે છે કે તેમના ભાઈએ ભદ્દેશભાઈનુ ગળુ દબાવી દીધેલુ. તેઓ ઈન્કાર કરે છે કે મીનાબેનને બચકુ ભર્યુ હોવા છતા તેઓ ખોટી જુબાની આપે છે. સાહેદ જણાવે છે કે તેમણે બચાવમા બચકુ ભરેલું. તેઓ ઈન્કાર કરે છે કે તેમણે અને તેમના ભાઈએ રૂપસીંગભાઈને છાતીના ભાગે પથ્થર મારેલા. તેમજ તેમના ભાઈએ રૂપસીંગભાઈને લાકડીથી મારેલા. તેઓ કબુલ કરે છે કે તેમના ગામથી રાજપીપળા દવાખાને જવુ હોય તો પ્રથમ પોલીસ સ્ટેશન આવે અને પછી દવાખાનુ આવે. તેઓ ઈન્કાર કરે છે કે તેમને આર.સી.સી. રોડ પર પડી જવાથી તેની ધાર વાગવાથી ઈજા થયેલી. સાહેદ જણાવે છે કે તેમને ડાયરેકટ પાવડો મારેલો. તેઓ ઈન્કાર કરે છે કે રૂપસીંગભાઈએ પાવડો માર્યાની તેમજ બીજા આરોપીઓએ ગડદાપાટુનો માર મારેલો હકીકત તેઓ ખોટી જણાવે છે. તેઓ ઈન્કાર કરે છે કે બનાવ સમયે આ જ પાવડો ન હતો. સાહેદ જણાવે છે કે પાવડા ઉપર જે લોહી હતુ તે ધોઈ નાંખેલુ તે લોહી પોલીસ

આવતા પહેલા પાણીથી ધોઈ નાંખેલુ. આ પાણીથી લોહી ધોઈ નાંખેલુ તે હકીકત તેમણે પોલીસને જણાવેલી. તેઓ કબુલ કરે છે કે ફરીયાદમા આ હકીકત નથી. તેમના પિતા બી.એસ.એફ.મા નોકરી કરતા હતા અને તેઓ ૨૦૦૯ મા રીટાયર્ડ થયેલ છે. તેઓ કબુલ કરે છે કે તેમને મકાનની હદ બાબતે તકરાર ચાલે છે.

**(૧૦)...** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાની હકીકતના સમર્થનમાં હાલના કામે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ રમેશભાઈ આટોલભાઈ વસાવાને આંક–૧૩ થી અને પંચસાહેદ ભુપેન્દ્રભાઈ હિંમતભાઈ વસાવાને આંક–૧૫ થી તપાસવામાં આવેલ હોઈ, તેમનો પુરાવો રજુ કરેલ છે. સદર પંચસાહેદો તેમની સોગંદ પરની જુબાનીમા પંચનામામા પોતાની સહી ઓળખી બતાવતા તે ગુનાવાળી જગ્યાના પંચનામાને આંક–૧૪ આપવામા આવેલ છે. વધુમા સદર પંચસાહેદો તેમની જુબાનીમા પોલીસ ે તેમની હાજરીમા કોઈ ચીજવસ્તુ કબજે કરેલ ન હોવાનુ તેમજ તેમને પંચમા રહેવા આશીષભાઈ બોલાવવા આવેલા અને પોલીસે તેમના એક કોમ્પ્યુટર પર લખેલા પંચનામા પર તેમની સહી લીધેલી. તેઓ લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી. પોલીસે તેમને સહી કહેવાનુ કહેતા તેમણે સહી કરેલી. તેઓ પોતાની જુબાનીમા જે દિશાઓ જણાવે છે તે તેઓ ગામના હોય પહેલાથી જ તેની તેમને ખબર છે.

**(૧૧)...** ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક–૧૯ થી સાહેદ આશીષભાઈ લાલસીંગભાઈ વસાવાને તપાસવામાં

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તા.૩૦.૧૧.૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૩૦ વાગે તેઓ, તેમની માતા, તેમના ભાઈ અને દાદી ઘરે હાજર હતા. બનાવમાં તેમના કાકા રૂપસીંગભાઈ ખોદકામ કરતા હતા ત્યારે બહાર બોલાચાલી તથા તેમના ભાઈ પ્રજ્ઞેશભાઈ બહાર ગયેલ અને તેમણે એવુ કીધેલુ કે તમે અમારી જગ્યામાં કેમ ખોદકામ કરો છો ? ત્યારે રૂપસીંગભાઈએ એવુ કહેલુ કે અમે અમારી જગ્યામાં ખોદકામ કરીએ છીએ. રૂપસીંગભાઈ તેમના ભાઈને મા બેન સમાણી ગાળો બોલતા હતા. રૂપસીંગભાઈએ પ્રજ્ઞેશભાઈને પાવડા વડે માથાના ભાગે જમણી બાજુ મારેલુ. તથા મીનાબેન તથા ભદ્રેશભાઈ ઢીકાપાટુનો માર મારતા હતા ત્યારબાદ તેમનો ભાઈ લોહીલુહાણ થઈ ગયેલો. ત્યારબાદ તેમણે ૧ ૦૮ ને ફોન કરેલો અને આવી જતાં તેમાં બેસાડી તેમના ભાઈને રાજપીપળા સરકારી દવાખાને લાવેલા. ડો. સાહેબે સારવાર કરતાં તેમના ભાઈને માથામાં છ ટાંકા લીધેલા. અને ત્યાં બે દિવસ સુધી દાખલ રાખેલા. તઓ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. તેમને મુદ્દામાલ પાવડો બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે આ તે જ પાવડો છે જેના વડે આરોપીએ તેમના ભાઈને ઈજા પહોંચાડેલી.

ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, બનાવ વખતે તેઓ ઘરમા હતા. પોલીસે તેમનો જવાબ બીજા દિવસે લીધેલો. તેઓ ઈન્કાર કરે છે કે બાંધકામનો ઘર નં બર લખાવેલો નથી. જે ઘર નંબર ૧૨૫ છે. જેની કોઈ આકારણી કે વેરા પાવતી તેમણે પોલીસને આપેલી નથી. પૂર્વ બાજુ આરસીસી રોડ આવેલ છે તથા એક કેબીન આવેલી છે. એ કેબીન રોડની બાજુમા આવેલી છે જે પંચાયતની માલિકીની છે. પંચાયતનો વેરો ભરતા નથી. નજીકમા સોમાભાઈનુ ઘર

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

આવેલ છે. તેમનુ ઘર ખડકી ફળીયામા આવેલ છે ત્યાં આજુબાજુમા ઘણા મકાનો આવેલા છે. તેમના ઘરની આગળ જાહેર રસ્તો આવેલ છે અને આ રસ્તા ઉપર લોકોની સવારથી સાંજ સુધી અવરજવર રહે છે. બનાવ વખતે આશરે દસથી પંદર માણસો ભેગા થઈ ગયેલા. તેઓ ઈન્કાર કરે છે કે ૧ ૦૮ ને તેમણે ફોન કરેલો તેવુ તેમણે તેમના જવાબમા લખાવેલુ નથી. તેઓ ૧ ૦૮ ની સાથે ગયેલ. પોલીસે દવાખાને તેમની કોઈ પુછપરછ કરેલી નહી. તેઓ ઈન્કાર કરે છે કે તેમના પિતા અને રૂપસીંગ વચ્ચે જમીન બાબતની તકરારો ચાલે છે. જમીન બાબતે સિવિલ કેસો કરેલા છે. તેમના ભાઈ પ્ર જ્ઞેશભાઈએ મીનાબેનને બચકુ ભરેલુ તે બાબતની મીનાબેને ફરીયાદ આપેલી અને તે બાબતે મામલતદાર કોર્ટમા તેમના, તેમની માતા તથા ભાઈના જામીન લીધેલા. તેઓ ઈન્કાર કરે છે કે તેમના ભાઈએ ભદ્દેશભાઈનુ ગળુ દબાવી દીધેલ. તેમના ભાઈએ રૂપસીંગભાઈને છાતીના ભાગે પથ્થર મારી દીધેલ અને રૂપસીંગભાઈને લાકડીથી મારેલ. તેમનુ દવાખાને જવુ હોય તો પ્રથમ પોલીસ સ્ટેશન આવે અને પછી દવાખાનુ આવે છે. તેઓ કબુલ કરે છે કે રૂપસીં ગભાઈએ મા બેન સમાણી ગાળો આપેલી એ હકીકત પણ તેઓ ખોટી જણાવે છે. તેઓ કબુલ કરે છે કે મુદ્દામાલ પાવડો કેટલા ફુટનો હતો તે તેઓ કહી શકે નહિ. આરોપીઓ તેમના ગામના હોય તેઓ તેમને પહેલેથી ઓળખે છે.

**(૧૨)...** ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક–૨૧ થી સાહેદ પ્રેમલતાબેન લાલસીંગભાઈ વસાવાને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તેમના મોટા દિકરા પ્રજ્ઞેશ તથા તેમના દિયર આરોપી રૂપસીંગ હાનાની બોલાચાલી

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

ચાલતી હતી જેથી તેઓ ઘરની બહાર નીકળેલ અને જોયેલ તો તેમના ઘર બાજુ આરોપીઓ ખોદકામ કરતા હતા ત્યારે તેમના દિકરાએ ના કહેતા આરોપીઓ ગાળો બોલતા હતા. જેથી ગાળો બોલવાની ના પાડતા રૂપસીં ગભાઈએ તેમના દિકરાને માથાના ભાગે જમણી બાજુ મારેલુ તથા અન્ય આરોપીઓએ ધીકકાપાટુનો માર મારતા હતા. તેમના દિકરાને ઈજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં રાજપીપળા સરકારી દવાખાને લાવેલા. ત્યારબાદ ડોકટરે સારવાર કરેલી જેમાં તેમના દિકરાને માથાના ભાગે છ ટાંકા આવેલા અને તેમના દિકરાને ત્રણ દિવસ માટે દવાખાનામાં દાખલ રાખેલો. તેઓ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, બનાવ વખતે તેઓ ઘરની બહાર હતા જેથી બનાવ તેમણે નજરો નજર જોયેલ છે. તેમણે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમા હુ ઘરમા લખાવેલુ હોય તો તે હકીકત ખોટી છે. તેમના ઘરની વેરા પાવતી આ કામે રજુ કરેલ નથી કારણે પોલીસવાળાએ તે તેમની પાસે માંગેલ નહી. તેમના ફળીયામા ઘણા મકાનો આવેલા છે અને તેમના ઘરની આગળ કેબીન મુકેલી છે. સાહેદ જણાવે છે કે તે તેમની જગ્યામા મુકેલી છે. તે ઘણા વર્ષોથી ખાલી છે. તેમના ઘરની આગળ રસ્તો આવેલ છે જે રસ્તા ઉપર સવારથી સાંજ સુધી માણસોની અવરજવર રહે છે. તેઓ ઈન્કાર કરે છે કે આરોપીઓ અને તેમને વર્ષોથી ઝઘડાઓ ચાલે છે. તેઓ ઈન્કાર કરે છે કે પ્રજ્ઞેશભાઈએ મીનાબેનને બચકુ ભરેલુ અને તે બાબતના મામલતદાર કોર્ટમા જામીન લીધેલા. સાહેદ જણાવે છે કે તેમના તથા આશીષના જામીન લીધેલા. તેઓ ઈન્કાર કરે છે કે તેમના દિકરાએ આશીષ તથા રૂપસીં

ગભાઈને છાતીના ભાગે લાકડી મારેલી તથા પથ્થર મારેલો. આરોપીઓ તેમના ગામના હોય તેઓ આરોપીઓને પહેલાથી જ ઓળખે છે.

(૧૩)... ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક–૨૨ થી સાહેદ લાલસીંગભાઈ હનાભાઈ વસાવાને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ તા.૩૦.૧૧.૨૦૨૩ ના રોજ ૧૧:૩૦ વાગે તેમના ઘરના આંગણામા બનેલો. બનાવમા એવુ બનેલ કે તેમના ઘર પાસે આરોપીઓ ખોદકામ કરતા હતા. આરોપીઓને તેમના દિકરા સાથે બોલાચાલી થયેલી. બોલાચાલી થતાં રૂપસીંગભાઈએ ઉશ્કેરાઈને તેમના દિકરા પ્રજ્ઞેશને માથાના જમણી બાજુના ભાગે મારી દીધેલ જેથી તેમનો દિકરો લોહીલુહાણ થઈ ગયેલ. ત્યારે તેમનો દિકરો આશીષભાઈએ ૧૦૮ ને ફોન કરતા આવી જતાં તેમા બેસાડી તેમના દિકરાને રાજપીપળા સરકારી દવાખાને લાવેલા. આરોપીઓએ તેમના દિકરાને ઢીકાપાટુ વડે પણ માર મારેલો તથા તેમના દિકરાને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી. તેઓ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. સરકારી દવાખાને ડોકટરે ત્રણ દિવસ સુધી તેમના દિકરાને દાખલ રાખેલો.

ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, પ્રજ્ઞેશ તેમનો દિકરો થાય છે. બનાવ વખતે તેઓ ખેતર હતા. બનાવ તેમણે નજરો નજર જોયેલ નથી. તેમના જવાબમા કોઈ ઘર નંબર લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે પોલીસે તે બાબતે પુછેલ નથી જેથી તેમણે લખાવેલ નથી. આરસીસી રોડ તેમના ઘરથી દુર આવેલ છે. કેબીનનો વેરો તેઓ ભરતા નથી કારણ કે તે તેમની માલિકીની

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

જગ્યામા આવેલ છે. તેમનુ ઘર ખડકી ફળીયામા આવેલ છે અને તેમના ઘરની આજબુાજુમા ઘણા બધા મકાનો આવેલા છે તેથી લોકોની અવરજવર ચાલુ હોય છે. તેઓ ઈન્કાર કરે છે કે તેમના દિકરાએ બચકુ ભરી દીધેલ. તેઓ કબુલ કરે છે કે તેમના બે દિકરા તથા પત્નીના મામલતદાર કોર્ટમા જામીન લીધેલા.

(૧૪)... ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક–૨૫ થી ડો. કાજલ ડાહયાભાઈ ભુતને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તા.૩૦/૧૧ /૨૦૨૩ ના રોજ તેમની ફરજ પર રાજપીપલા સિવિલ હોસ્પિટલ ખાતે હાજર હતા તે સમય દરમ્યાન બપોરના સમયગાળામાં ૧૦૮ માં આશિષભાઈ લાલસીંગભાઈ વસાવા સાથે દર્દી નામે પ્રજ્ઞેશભાઈ લાલસીં ગભાઈ વસાવાનાઓને સારવાર માટે બપોરના કલાક ૧:૧૩ વાગે લાવેલ હતા. દર્દીએ તેઓને થયેલ ઈજાના ઈતિહાસમાં જણાવેલ કે, તા.૩૦/૧૧/૨૦૨૩ ના અંદાજે સવારના ૧૧:૦૦ કલાકે તેમના ઘરે આરોપીઓ ધ્વારા પાવડાના પાછળના લોખંડના ભાગ ધ્વારા માર મારવામાં આવેલ હતો. તેમની તપાસ મુજબ દર્દી ભાનમાં હતા. અને ઘટના સ્થળે પાંચથી દસ મીનીટ માટે બેભાન થયાની માહિતી આપેલ હતી. દર્દીને જમણી બાજુ માથાના આગળના ભાગે ૫×૧×૧ સેમીની ચામડી છુંદાયેલ ભાગ હતો અને પીઠના ભાગમાાં દુ:ખાવો હતો પરંતુ કોઈ બાહય ઈજાઓ હતી નહી. આ કેસની જાણ એમએલસી નં. ૨૪૯૭/૨૦૨૩, રજી.નં. ૪૩૮૯૭ રાજપીપલા પો.સ્ટે. પીએસઓ વુ.પો.કો. લલીતાબેન, તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ કલાક બપોરના ૧:૩૦ સાથે કરેલ છે. સર્જરી વિભાગમાં દર્દીને દાખલ કરી સારવાર આપવામાં આવેલ અને તા.૨/૧૨/૨૦૨૩ ના અંદાજે બપોરના ૧૨:૦૦

કલાકે દર્દીને રજા આપેલ હતી. તેમના મંતવ્ય મુજબ આ ઈજાઓ ચોવીસ કલાકની અંદર થયેલી અને કુદરતી રીતે સાજા થતાં બેથી ચાર અઠવાડીયા લાગી શકે તેવી હતી. તેમજ સદર ઈજાઓ સખત અને બોથડ પદાર્થ વડે ફોર્સ ફુલ્લી કરવામાં આવે તે પ્રમાણેની હતી. જે દર્દીને થયેલ ઈજાનું સારવાર સર્ટી સદર કામે આંક–૨૬ થી રજુ થયેલ છે.

ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, દર્દી પોલીસ યાદી વગર આવેલા. તેમણે હિસ્ટ્રીમા જણાવેલ છે તે કયા આરોપીએ ઈજા પામનારને કયા હથિયાર વડે ઈજા પહોંચાડેલ તે જણાવેલ નથી. આ ઈજા સાદી હતી. તેમણે સર્ટીમા ઈજાનો કલર જણાવેલ નથી. આવી ઈજા દર્દીને સખત અને બોથડ વસ્તુ પર પડવાથી થઈ શકે. દર્દીને પ્રાથમિક સારવાર આપી તે સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. સદર દર્દીની હિસ્ટ્રી અંગ્રે ેજીમા લખેલી છે જયારે દર્દીએ હિસ્ટ્રી ગુજરાતીમા લખાવેલ હતી. દર્દીને જયારે દાખલ થયા ત્યારે કોઈ અન્ય રોગથી પીડાય છે કે કેમ તે બાબતે પુછેલુ નહી. મેડીકલ જયુડીશ મુજબ ઈજાનુ એક્ષપ્લેનેશન લખવાનુ હોય છે.

**(૧૫)...** ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક–૨૯ થી ત.ક.અમલદાર દિલીપભાઈ નટવરભાઈને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ તેમની ફરજ પર રાજપીપલા પો.સ્ટે. ખાતે હાજર હતા તે વખતે સિવીલ હોસ્પિટલમાંથી વર્ધી આવતાં તેઓ સીવીલ હોસ્પિટલ

જઈ આ કામના ફરીયાદીએ તેમની ફરીયાદ તેમના રૂબરૂ લખાવેલી. ત્યારબાદ સદર ગુનાની તપાસ તેમને મળતાં તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. ત્યારબાદ આ કામે તેમણે ગુનાવાળી જગ્યાએ જઈ બે પંચો રૂબરૂ તેમના લખાવ્યા મુજબનું ગુનાવાળી જગ્યાનું પંચનામુ લખી લીધેલું. આ કામે આરોપીઓને બે પંચો રૂબરૂ અટક કરેલ અને આરોપી રૂપસીંગભાઈ ગુનામાં વાપરેલ પાવડો રજુ કરતાં પંચનામાની વિગતે રજુ કરેલ. આ કામે આરોપીઓને અટક કરી અત્રેની કોર્ટમાં મોકલી આપેલી. આ કામે તેમણે ઈજા પામનારનું સારવાર સર્ટી મેળવેલું. આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં મોકલી આપેલ.

ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, તા.૩૦.૧૧.૨૦૨૩ ના રોજ તપાસ મળેલી. આ ગુનાની ફરીયાદ તેમણે લીધેલી છે તેમજ તપાસ પણ તેમણે જ કરેલી છે. પો.સ્ટે.થી બહારના સ્થળે ફરીયાદ લેવાનુ થાય ત્યારે ગુનાનુ સ્થળ તેમજ સમય લખવાનો હોય છે. આ કામની ફરીયાદમા કોઈ સમય દર્શાવેલો નથી. ગુનાવાળી જગ્યાની આજુબાજુ ઘણા ઘરો આવેલા છે. ચાર્જશીટ મુજબના સાહેદ નં. ૬ થી ૧૦ ફરીયાદીના સગા સબંધીઓ છે. તમામ નિવેદનો તથા પંચનામા કોમ્પ્યુટરાઈઝ છે. આ કામે લીધેલ નિવેદનો કયા સ્થળે અને કયા સમયે લીધેલ તે જણાવેલ નથી.

**(૧૬)...** સદર કામે રેકર્ડ પર આવેલ પુરાવાની ચર્ચા કરીએ તો ઈજા પામનાર સાહેદ પ્રજ્ઞેશભાઈ લાલસીંગભાઈ વસાવાનાઓ તેમની આંક–૧૧ ની જુબાનીમા જણાવે છે કે, તા.૩૦.૧૧.૨૦૨૩ ના

રોજ સવારના ૧૧.૩૦ વાગે તેઓ તેમના પરિવારના સભ્યો સાથે ઘરે હાજર હતા તે વખતે તેઓ ઘરની બહાર આવેલ તો આરોપીઓ ખાડો ખોદીને માલ નાં ખતા હતા જેથી તેમણે આરોપીઓને જણાવેલ કે મારી જગ્યામાં આવુ કરશો નહી તેવુ જણાવતા આરોપીઓ ગાળાગાળી કરી તેમને ધાક ધમકી આપતા હતા. ત્યારબાદ આરોપી રૂપસીંગભાઈ ઉશ્કેરાઈ જઈને તેમને પાવડો માથાના જમણી બાજુ મારેલ. તેમજ તમામ આરોપીઓએ તેમને ગડદાપાટુનો માર મારેલો. આમ, ઈજા પામનારે પોતાની જુબાનીમા રૂપસીં ગભાઈએ તેમને પાવડા વડે માર મારી ઈજા પહોંચાડેલ હોવાની હકીકત જણાવે છે જયારે સદર કામે આંક-૨૫ થી ડો. કાજલ ડાહ્યાભાઈ ભુતની જુબાની ધ્યાને લેતાં સદર ઈજા પામનાર સાહેદે તેમની ડોકટર રૂબરૂની હિસ્ટ્રીમા જાતે જણાવેલ છે કે, '' તા.૩૦/૧૧/૨૦૨૩ ના અંદાજે સવારના ૧૧:૦૦ કલાકે તેમના ઘરે ત્રણ વ્યકિતઓ ૧. રૂપસીંગભાઈ વસાવા ૨. મીનાબેન રૂપસીંગ વસાવા ૩. ભદ્દેશભાઈ વસાવા ધ્વારા પાવડાના પાછળના લોખંડના ભાગ ધ્વારા માર મારવામાં આવેલ હતો. આમ, કયા આરોપીએ તેમને પાવડા વડે માર મારેલ તેવી કોઈ હકીકત સદર ઈજા પામનાર સાહેદે તેમની ડોકટર રૂબરૂની હિસ્ટ્રીમા જણાવેલ નથી. વધુમા ઉલટતપાસમા મેડીકલ ઓફીસર કબુલ રાખે છે કે, કયા આરોપીએ ઈજા પામનારને કયા હથિયાર વડે ઈજા કરેલ તે હિસ્ટ્રીમાં જણાવેલ નથી. આ એક મોટો વિરોધાભાસ ફરીયાદપક્ષના પુરાવામા જણાઈ આવે છે.

વધુમા સદર કામે આંક-૧૯ થી તપાસવામા આવેલ સાહેદ આશિષભાઈ કે જેઓ ઈજા પામનાર સાહેદને ઈજા થતા તેઓએ ૧૦૮ ને ફોન કરી ઈજા પામનાર સાહેદને દવાખાને લઈ ગયેલ તે સાહેદ જણાવે છે કે રૂપસીં ગભાઈએ પ્રજ્ઞેશભાઈને પાવડા વડે માથાના ભાગે જમણી બાજુ મારેલુ. તથા

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

મીનાબેન રૂપસીંગભાઈ તથા ભદ્દેશભાઈ રૂપસીંગભાઈ ઢીકાપાટુનો માર મારતા હતા ત્યારબાદ તેમનો ભાઈ લોહીલુહાણ થઈ ગયેલો. વધુમા આંક–૨૨ થી તપાસવામા આવેલ સાહેદ લાલસીંગભાઈ પણ તેમની જુબાનીમા આ કામના આરોપીઓએ તેમના દિકરાને માર મારતા તે લોહીલુહાણ થઈ ગયેલ હોવાની હકીકત જણાવે છે. વધુમા ફરીયાદીએ પણ તેમની ઉલટતપાસમા પાવડા ઉપર જે લોહી હતુ તે ધોઈ નાંખેલુ તે લોહી પોલીસ આવતા પહેલા પાણીથી ધોઈ નાંખેલુ. જે હકીકત સંદર્ભે આંક–૧૪ થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ ધ્યાને લેતાં તેમા ગુનાવાળી જગ્યાએ આવા કોઈ લોહીના નિશાન જણાયેલ ન હોવાની હકીકત જણાયેલ છે. વધુમા ફરીયાદી અને ઉપરોકત સાહેદોના કહેવા મુજબ જો ઈજા પામનાર લોહી લુહાણ હાલતમા હોય તો ઈજા પામનારે પહેરેલ કપડા પણ લોહીવાળા થયેલ હોવા જોઈએ પરંતુ તેવા કોઈ લોહીવાળા કપડા મુદ્દામાલ તરીકે કબજે કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, ઉપરોકત હકીકત અંગે રેકર્ડ પર રજુ થયેલ પુરાવામા વિરોધાભાસ જણાઈ આવે છે.

વધુમા સદર કામે આંક–૧૧ થી તપાસવામા આવેલ ઈજા પામનાર ફરીયાદી પ્રજ્ઞેશભાઈ તેમની જુબાનીમા સદર કહેવાતો બનાવ બનેલ તે સમયે કોઈ માણસો ભેગા થયેલ ન હોવાની હકીકત કબુલ રાખે છે જયારે સદર ઈજા પામનાર ફરીયાદીને વધુ મારમાંથી બચાવનાર સાહેદ એટલે કે ફરીયાદીના ભાઈ આશીષભાઈને આંક–૧૯ થી તપાસવામા આવેલ છે જેઓ તેમની જુબાનીમા તેમના ઘરની આગળ જાહેર રસ્તો આવેલ છે, આ રસ્તા ઉપર લોકોની સવારથી સાંજ સુધી અવરજવર રહે છે અને બનાવ વખતે આશરે દસથી પંદર માણસો ભેગા થઈ ગયેલ હોવાની હકીકત જણાવે છે. વધુમા આંક–૨૯ થી તપાસવામા આવેલ ત.ક.અમલદાર પણ તેમની ઉલટતપાસમા સાહેદ નં. ૬ થી ૧૦ ફરીયાદીના સગા સબંધીઓ

હોવાની હકીકત કબુલ રાખે છે. આમ, બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા હોવા છતા ફરીયાદીના સગા સબંધીઓ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામા આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતાં ઈજા પામનાર ફરીયાદીને કયા આરોપીએ કયા હથિયાર વડે ઈજા પહોંચાડેલ તે હકીકત અંગે રેકર્ડ પર રજુ થયેલ પુરાવામા વિરોધાભાસ જણાઈ આવે છે અને ઈજા પામનાર સાહેદ અને ઈજા પામનાર સાહેદને વધુ મારમાંથી બચાવનાર સાહેદો ઈજા પામનાર લોહીલુહાણ હાલતમા હતા તો તે અંગેની હકીકત ગુનાવાળી જગ્યાના પંચનામાથી પુરવાર થતી નથી તેમજ જો ઈજા પામનાર સાહેદો લોહીલુહાણ હાલતમા હોય તો તેઓના કપડા પણ લોહીવાળા થયેલ હોવા જોઈએ પરંતુ તેવા કોઈ કપડા સદર ગુનાના કામે તપાસ કરનાર અમલદાર તર્ફે કબજે કરવામા આવેલ નથી. આમ, રેકર્ડ પર રજુ થયેલ પુરાવાથી ફરીયાદીને ઈજા થયેલ હોવાનુ જણાઈ આવે છે પરંતુ તે ઈજા કયા આરોપીએ કયા હથિયાર વડે પહોંચાડેલ તે હકીકત અંગે વિરોધાભાસ જણાઈ આવતો હોય ફરીયાદપક્ષ આરોપી સામે ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪ મુજબના ગુના અંગેના તત્વો પુરવાર કરી શકેલ નથી. જેથી રેકર્ડ પર રજુ પુરાવાથી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪ માટે આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ.

**(૧૭)...** આરોપી સામે ભારતીય ફોજદારી ધારા કલમ–૫૦૪ તેમજ ૧૧૪ મુજબનુ તહોમત છે જે ઘ્યાને લેતાં હાલના આરોપીએ એકબીજાની મદદગારી કરી ફરીયાદીને કોઈ ગાળો કે અપશબ્દ બોલેલ છે કે કેમ તે બાબતે કોઈ નકકર હકીકત ફલીત થતી નથી. તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ

ધ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ અન્વયે AIR 2014 SC 957, Fiona Shrikhande V/S. State of Maharashtra & Another ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ હાલના આરોપી ધ્વારા તેઓને અપમાનીત કરવાના ઈરાદા સાથે આવા અપશબ્દો બોલવામાં આવેલ હોવા બાબતે કોઈ નકકર પુરાવો આ કામે ફરીયાદી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલા છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ તથા ૧૧૪ મુજબનું તહોમત સાબિત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ જતા હોઈ નિર્દોષ ઠરાવવા ન્યાયોચિત જણાય છે.

(૧૮)... ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ તહોમત છે. જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા પહેલા ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) વંચાણે લેવામાં આવે તો '' જો ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા સાત વર્ષ મુદૃત સુધીની કેદની શિક્ષાપાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારીત્રહિનતાનુ આળ મુકવાનુ હોય'' આ કામે ફરીયાદીની જુબાની વંચાણે લેતાં બનાવ સમયે આરોપીઓ ધ્વારા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ કે કોઈપણ પ્રકારની ધમકી આપવામાં આવેલ હોય તેમજ તેવી ધમકીના કારણે ફરીયાદી કાર્યો કરવા માટે કાયદેસરના અધિકૃત ન હોય તેમજ તેવી ધમકીના કારણે ફરીયાદી કાર્યો કરવા માટે કાયદેસર અધિકૃત ન હોય તેવુ કૃત્ય કરવા બીકના કારણે કરવા ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનુ સદરહું ફરીયાદીને કાયદેસરની ફરજ

હતી તેવુ કૃત્ય આરોપીની ધમકીની બીકના કારણે કરેલ ન હોય તેવા કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કલમની જોગવાઈ મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Jivanbhai Devjibhai Bhogayata Vs. Mohanbhai Purshottam Mokariya Brahmin and Ors. [2015] 0 Supreme (Guj) 192 ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ કોઈ ભયજનક પરિસ્થિતિ ફરીયાદીને જણાઈ આવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી. ત્યારે હાલના સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬(૨) મુજબનુ તહોમત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે પવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજ રાત ૨૦૦૭ જી.એલ .એચ . પાના નં. ૩૩૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે " In order to convict an accused under section 504 of the Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section 504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence. So far as to section 506(2) is concerned, the threat must cause alarm in the mind of the person threatened '' આમ નામદાર વડી અદાલતે ઠરાવેલ છે કે,

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

આરોપીઓન ઈ.પી.કો. કલમ–૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે વાસ્તવમાં જે શબ્દ આરોપીઓ બોલેલો હોય તે શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ તથા ઈ.પી.કો. કલમ–૫૦૬ (૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે જેને ધમકી આપવામા આવેલ હોય તેને વ્યાજબી ધસાતી હોવી જોઈએ. આ સિધ્ધાંત હાલના કેસને લાગુ પાડતા આવા શબ્દો રેકડ પર આવેલા ન હોય હાલના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ ગણી શકાય નહીં.

ઉપરોક્ત ફરીયાદીના પુરાવાની ચર્ચા કર્યા મુજબ તેઓએ

આરોપીઓના હાથમાં હથિયાર હોવાનો પુરાવો આપેલ છે ત્યારે અને આરોપીઓ વિરુદ્ધ જ્યારે ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું તહોમત છે ત્યારે ફરીયાદપક્ષ તરફે કાયદા મુજબ જાહેરનામુ સાબિત કરવાનું રહેશે. હવે, આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ જાહેરનામું સર્વપ્રથમ ફરીયાદપક્ષે જાહેરનામું બનાવના સ્થળે અને સમયે ગુજરાત પોલીસ એક્ટની કલમ–૩૭ ની જોગવાઈ મુજબ, યોગ્ય રીતે પ્રસિદ્ધિ (public promulgation) થયેલ હતી કે કેમ ? તે સાબિત કરવાનું રહેશે જે આ કામે તે હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ ઉપરથી પુરવાર કરેલ નથી કારણ કે, ગુજરાત પોલીસ એક્ટની કલમ–૩૭ ની જોગવાઈ ધ્યાને લેતાં, તે કલમ હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામાની, તે જોગવાઈમાં જણાવ્યા મુજબ ‘સાર્વજનિક ધોષણા’ (public promulgation) થવી જરૂરી છે અને તે ‘સાર્વજનિક ધોષણા’ની હકીકત જો રેકર્ડ પરથી સાબિત ન થાય તો, એવા જાહેરનામાના ભંગ માટે, ‘સાર્વજનિક ધોષણા’ નું અનુમાન માત્ર તે રજુ

થયેલ જાહેરનામાના આધારે કરી, આરોપીને ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં અને નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચેના ચુકાદામાં ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ ના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં અને નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચેના ચુકાદામાં ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો ક્યારે અને કેવી રીતે સાબિત થઈ શકે તે અંગે વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે અને તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે.

**CRIMINAL APPEAL No. 560 of 2002**

**RAJUBHAI PREMABHAI PATEL**

**Versus**

**STATE OF GUJARAT**

**7 September 2018**

Reading the aforesaid provisions,it is clear that subsection (1) of section 37 enables the Commissioner of Police and the District Magistrate in areas under their respective charges to prohibit the acts mentioned in clauses (a) to (f) for the preservation of peace and public safety by a notification publicy promulgated or addressed to individ ls within any town, village or place or in the vicinity of any such town, village or place. It is also clear that the power

reserved under section 37 of the Act can be exercised by issuing notification and publicly promulgating the same.The expression **'publicly promulgating'** is not defined in the Act. However, it should be understood in the normal connotation. **The authorities must take steps to have the notification brought to the notice of the public who is likely to be affected thereby and that may be effected by proclaiming it e.g. by the beat of drum or affixing in public places like Police Stations, Chavadis and other public buildings. Mere publication in the Government Gazette cannot be regarded as 'public promulgation' within the meaning of Section 37 of the Act.**Subsection (4) of section 37 empowers the authority under subsection (1) to reserve for public purpose any street or public place and prohibit person entering the area so reserved except under such conditions as may be prescribed by such authority. Under this subsection, notice must be publicly promulgated. **At the cost of repetition, I may state that mere publication in a Government Gazette is not public promulgation and it should be by a beat**

**of drum, affixing order to police stations, chavadis and other public places."**

**It is an admitted position that no witnesses were examined by the prosecution from the office of the District Magistrate.There is nothing on the record that any public notice was issued by the office of District Magistrate, besides publication in the Government Gazette; by the beat of drum or affixing in public places like Police Stations, Chavadis and other public buildings.** Moreover, except evidence of the Investigating Officer, no other witnesses have been examined on the aspect of publication of notification and on the other requirement of Sub-section [4] of Section 37 of the Bombay Police Act, 1951. **Mere production of this notification issued by the office of the District Magistrate would not be sufficient to connect the accused with the crime alleged; more particularly, in absence of there being any other cogent evidence to support the same.**

(૧૯)... હાલના કામે રજુ થયેલ સમગ્ર પુરાવો જોવામાં આવે તો, માલુમ પડે છે કે, આ કામના પક્ષકારોના મકાનો છે તે ફળીયામાં એટલે કે,

બનાવવાળી જગ્યાના નજીક અનેક રહેણાંકના મકાનો આવેલા છે. સ્વાભાવિક રીતે જયારે આટલો મોટો બનાવ બને ત્યારે, અનેક વ્યકિતઓનુ ટોળુ ઉભુ થાય. તેમ છતાં હાલના કામે જે સાક્ષીઓ તપાસવામાં આવેલ છે તે તમામ સાક્ષીઓ ભોગ બનનારના સગા સબંધીઓ છે. માત્ર સગા સંબંધીઓ છે તેથી પુરાવા ઉપર શંકા ઉપસ્થિત થતી નથી પરંતુ જે રીતનો પુરાવો હાલના કામે રજુ થયેલ છે તે ચોકકસ રીતે શંકાસ્પદ છે. વધુમાં ફરીયાદી અને આરોપીઓ સગા સબંધી છે અને હાલના કામે ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો ફરીયાદી અને આરોપી વચ્ચે જમીન અને મકાન બાબતે કેસો ચાલતા હોવાની અને તકરારો ચાલતી હોવાની અને તે સબંધે અગાઉ પણ મારામારી થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે ત્યારે ફરીયાદપક્ષ સત્ય હકીકત રજુ કરવાને બદલે હાલના કામના આરોપીપક્ષને સજા થાય તે રીતે ગંભીર હકીકતો લાવવાનો પ્રયત્ન કરતા હોવાનુ માલુમ પડે છે. સત્ય બનાવો શું છે તે ન્યાયાલય સમક્ષ રજુ થતો નથી. તેથી માત્ર થયેલ ઈજાથી આરોપીઓની બનાવમાં સંડોવણી માની લેવી ઉચિત નથી. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં જયારે સત્ય અને વાસ્તવિક રીતે શું બનવા પામેલ છે તે પુરવાર થતુ ન હોય હાલના કામના આરોપીઓને હાલના ગુનામાં દોષિત ઠરાવવા ઉચિત રહેશે નહી.

(૨૦)... આમ, ઉપરોકત તમામ ચર્ચાને અંતે બનાવના દિવસ ે, સ્થળે અને સમયે આરોપીઓ દિવાલ ચણવા માટે ખોદકામ કરી કરેલ ખોદકામમા સિમેન્ટનો માલ નાંખતા તે વખતે ફરીયાદીએ આરોપી નં. ૧ ને કહેલ કે તમે જે ખોદકામ કરેલ છે તે અમારી જગ્યામા છે તેવુ કહેતા આરોપી નં. ૧ ફરીયાદીને મા બેન સમાણી ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ જમીન

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

ઉપર પડેલ પાવડો ફરીયાદીને મારવા જતા ફરીયાદી નીચે નમી જતા પાવડા સાથે જોડાયેલ લાકડાનો હાથો ફરીયાદીને જમણા કપાળથી ઉપરના માથાના ભાગે વાગી જતા ગંભીર ઈજા કરી તથા આરોપી નં. ૨, ૩ નાએ ફરીયાદીને ઢીકકાપાટુનો માર મારી તથા આરોપી નં. ૧ નાએ જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સાંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ આક્ષેપીત અપરાધ કરેલાનું નિશંકપણે પુરવાર થતું નથી. જેથી ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ **મુદ્દા નં–૧** નો નિર્ણય ''**નકારમાં**'' આપવામાં આવે છે,અને **મુદા નં–૨** પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>*આ ખ રી હુ ક મ*</u> ::–

**(૧)** આ કામના આરોપીઓ (૧) રૂપસીંગભાઈ હાનાભાઈ વસાવા (૨) ભદ ેશભાઈ રૂપસીંગભાઈ વસાવા (૩) મીનાબેન રૂપસીંગભાઈ વસાવા તમામ રહે. ભુછાડ, તા.નાંદોદ, જી.નર્મદા.નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કોડની કલમ ૩૨૩,૩૨૪, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના તહોમત સબબ આરોપીઓને શં કાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે પ્રત્યેક આરોપીએ રુા. ૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**

(૩) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ હથિયારનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

આ હુકમ આજરોજ તારીખ ૦૭ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૭/૦૩/૨૦૨૬**
**સ્થળ: રાજપીપળા**

**(ફૈયાઝ અમાનુલ્લાખાન સીંધી)**
**સેકન્ડ એડીશનલ સીનીયર સીવીલ**
**જજ એન્ડ એડીશનલ ચીફ**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, જી.નર્મદા**
**જી.જે. ૦૧૧૫૧**

**F.A.SINDHI**
**2nd Additional Chief Judicial Magistrate,**
**Rajpipla**